Re – Accredited **Grade A** by **NAAC**
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય, યુનિવર્સિટી રોડ,
રાજકોટ-૩૬૦૦૦૫
**ફોન નં.(૦૨૮૧) ૨૫૭૮૫૦૧ થી ૧૨ ફેક્સ: (૦૨૮૧) ૨૫૮૬૯૮૩**

Est. 1967

નં.ઓડિટ/એલ.એફ./૨૦૧૭-૨૦૧૮/ ૧૦૧/૨૦૧૯ તા.૦૩/૦૯/૨૦૧૯

**પરિપત્ર:-**

અત્રેની યુનિવર્સીટીનાં વિભાગોના વડાઓ,ભવનોના અધ્યક્ષશ્રીઓ,આરોગ્ય કેન્દ્ર તથા કોમ્પ્યુટર સેન્ટરના વડા ગ્રંથાલયના ગ્રંથપાલશ્રીને જણાવવામાં આવે છે ગુજરાત સરકારશ્રીની લોકલ ફંડ ઓડિટ પાર્ટી આ યુનિવર્સીટીનાં સને ૨૦૧૭-૨૦૧૮નાં વર્ષના હિસાબો ચકાસવા માટે અત્રે આવનાર છે. આથી વિભાગ,ભવન,કેન્દ્રમાં કરવામાં આવેલ ખરીદીનું રેકર્ડ,હિસાબો,પેટીકેશ રજીસ્ટર ,પહોચ બુકો તથા ખરીદી તથા હિસાબોને લાગતું આનુસંગિક રેકર્ડ,સ્ટોક રજીસ્ટર, સ્કીમની ફાઈલ,સેલ્ફ ફાયનાન્સકોર્ષની ફાઈલ ઈત્યાદી તમામ સાહિત્ય તૈયાર રાખે અને સરકારશ્રીની ઓડિટ પાર્ટી માંગે ત્યારે રજૂ કરીને ઓડિટ કાર્યને સરળ બનાવવામાં સહકાર આપે તેવી વિનંતી કરવામાં આવે છે.વેકેશનના સમય દરમિયાન પણ ઉક્ત રેકર્ડ ઉપલબ્ધ બને તેવી વ્યવસ્થા કરવા જે તે ભવનના વડાઓને વિનંતી કરવામાં આવે છે.વળી વિભાગના વડાઓ જો રજા ઉપર જવાના હોય તો તેમની પાસે રહેલ રેકર્ડ વિભાગના જવાબદાર કર્મચારીને સોપીને જવા વિનંતી કરવામાં આવે છે.

વિશેષમાં જણાવવાનું કે અગાઉના વર્ષોના ઓડિટ પારાઓ સંબંધી,સંબંધિત વિભાગોએ કરેલી પૂર્તતામાં જણાવ્યા મુજબની વસુલાતની/રેકર્ડની/ફાયનાન્સ સમિતિની મંજુરીની તથા સીન્ડીકેટની મેળવેલી બહાલીના આધારિત ખાતરી લોકલ ફંડ ઓડીટરશ્રીને કરાવી પારાઓ બંધ કરાવવાની કાર્યવાહી કરવા વિનંતી છે. વિભાગના પારાઓ સંબંધે જે જવાબો આપેલ છે તે પરત્વે લોકલ ફંડ ઓડીટે જે વિશેષ નોધો આપેલ છે, તેની સંબંધિત વિભાગોને જાણ કરવામાં આવી છે,તો તે સંદર્ભમાં પારાઓની અનુરૂપ માહિતી તૈયાર કરી લેખિત પત્ર તથા આધારો સાથે રજૂ કરવી અને અગાઉનાં તેમના બાકી પારાઓ દુરસ્ત કરાવવાની કાર્યવાહી કરવા વિનંતી છે. વિશેષમાં માન.કુલપતિશ્રીનાં આદેશાનુસાર જણાવવાનું કે જ્યારે ઓડિટ વિભાગ તરફથી હાફ માર્જિન આપવામાં આવે ત્યારે દિવસ-૩ માં તેનો આધાર પુરાવા સાથે અચૂક જવાબ આપી હાફ માર્જિન દુરસ્ત કરાવવા પણ વિનંતી કરવામાં આવે છે, જેથી રિપોર્ટમાના ઓડિટ પેરા નિવારી શકાય.

વધુમાં જણાવવાનું કે સને ૨૦૧૭-૨૦૧૮ નાં વર્ષમાં ભવનમાં ચાલુ રહેલ સેલ્ફ ફાયનાન્સ કોર્ષની આવક-ખર્ચ અને પુરાંતની માહિતી દર્શાવતું પત્રક તૈયાર રાખવા વિનંતી છે અને જો આવો સેલ્ફ ફાયનાન્સ કોર્ષ ભવનમાં ચાલુ ન હોયનો "નીલ રીપોર્ટ" ભવના અધ્યક્ષશ્રીએ મોકલવો, તેવી પણ વિનંતી કરવામાં આવે છે.

સહી
(આર.જી.પરમાર)
કુલસચિવ

પ્રતિ,
(૧) યુનિવર્સીટીનાં તમામ વિભાગના વડાઓ
(૨) યુનિવર્સીટીનાં ભવનોના અધ્યક્ષશ્રીઓ
(૩) આરોગ્ય કેન્દ્રનાં તબીબી અધિકારીશ્રી
(૪) ગ્રંથપાલશ્રી, યુનિવર્સીટી ગ્રંથાલય
(૫) કોમ્પ્યુટર સેન્ટર વડા
(૬) વિવિધ સેન્ટરના વડાઓ

**રવાના કર્યું**
**ઓડિટર**

**નકલ સાદર રવાના:-** માન.કુલપતિશ્રી/માન.ઉપ કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી